Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

90

# ગુજરાતનાં અમરેલી જિલ્લામા આદિવાસી સંસ્કૃતિ

**પ્રો.હિતેશકુમાર પ્રવીણચંદ્ર જોશી**

આસિસ્ટન્ટ પ્રોફેસર, શ્રી એમ. કે. સાવલિયા આર્ટસ કોલેજ, બાઢડા, સાવરકુંડલા, જી. અમરેલી

ગુજરાત રાજ્યના 13 જિલ્લાઓમાં આદિવાસી સમાજની વસ્તી વધારે જોવા મળે છે. જેમાં દાહોદ જિલ્લામાં સૌથી વધારે વસ્તી છે. આદિવાસીની સંસ્કૃતિમાં ભીલ સમાજ સામાજિક, ધાર્મિક, આર્થિક, અને સાંસ્કૃતિક ક્ષેત્રે આગવી વિશેષતાઓ ધરાવે છે. આદિવાસી આમ તો ખાસ કરીને સ્થળાંતર જીવન ગાળે છે. અલગ-અલગ જિલ્લામાં સ્થળાંતર કરીને પોતાની સંસ્કૃતિ મુજબ જીવન ગાળે છે

1981 ની આદિવાસી વસ્તી અને મુખ્ય આદિવાસી જાતિઓને ધ્યાનમાં લેતા જિલ્લા વાર વસ્તી નીચે મુજબ છે. (1) બનાસકાંઠા 3.01% ભીલ જાતિ (2) સાબરકાંઠા 16.72% ભીલ અને કથોડી જાતિઓ (3) પંચમહાલ 41.76% ભીલ, પટેલિયા,નાયકડા, રાઠવા જાતિઓ (4) વડોદરા 25.5 % રાઠવા, ભીલ (5) ભરૂચ 44.54 % ભીલ, ચૌધરી, ગામીત (6) સુરત 41.64% ગામિત, ચૌધરી, ભીલ, દુબળા, કોટવાળિયા (7) વલસાડ 54.59% ચૌધરી, ધોડિયા,નાયકડા (8) ડાંગ 92.31% બિલ વગેરે.

ઉપરોક્ત આદિવાસીઓ પોતાનું જીવન અલગ અલગ જગ્યાએ સ્થળાંતર કરીને, અલગ અલગ જિલ્લામા પોતાની આગવી ઓળખ બનાવે છે.જેમાં અમરેલી જિલ્લામાં પણ ઉપરોક્ત જિલ્લામાંથી સ્થળાંતર કરીને અમરેલી જિલ્લામાં થોડા ઘણા અંશે આદિવાસીઓનો સમાવેશ થાય છે. જેમાં તેની સંસ્કૃતિ,, રીતરિવાજ, ધાર્મિક, આર્થિક વગેરે ક્ષેત્રમાં તેમની સંસ્કૃતિના દર્શન થાય છે. ખાસ કરીને અમરેલી જિલ્લામાં ભીલ

આદિવાસી વધારે જોવા મળે છે જે દાહોદ જિલ્લામાંથી કે અલગ અલગ જિલ્લામાંથી સ્થળાંતર કરીને આવેલા છે.

મહાભારતમાં એકલવ્ય અને રામાયણમાં શબરી ભારતમાં આર્યોના આગમન બાદ આ સમાજ જંગલોમાં વસ્યો હોવાનું માનવામાં આવે છે. સમયાંતરે મુસ્લિમ, મરાઠા અને બ્રિટિશ શાસકોના શોષણનો ભોગ પણ આ સમાજ બન્યો હોવાના આધાર મળે છે. દાખલા તરીકે મહાભારતમાં એકલવ્ય. માનગઢ હત્યાકાંડ. બિરસાપુરડા વિદ્રોહ વગેરે.

ભારતની વસ્તી ગણતરીના રિપોર્ટના આધારે જાણવા મળે છે કે ગુજરાતમાં આદિવાસી સમૂહોમાં સૌથી વધારે વસ્તી ભીડ સમાજની છે તેમની બોલી ભીલ બોલી તરીકે ઓળખાય છે આ સમાજમાં રાવળભીલ, ઢોલીભીલ, મોહનીયા, વહુમિયા, તડવી, રાઠવા, સંગાડા જેવી પેટા જાતિઓ છે.

ભીલ સમાજ પોતાના ચોક્કસ પ્રકારના દેવોની જ પૂજા કરે છે. તેમના દેવો માટે કરવામાં આવતી પૂજાવિધિઓ રસપ્રદ હોય છે. આ સમાજનો મુખ્ય વ્યવસાય ખેતી તથા પશુપાલનનો છે. સમાજના ઘણા લોકો રોજગારી અર્થે ગુજરાત રાજ્યના અન્ય જિલ્લાઓમાં પણ જાય છે.

બાણવિધા કે માછલા પકડવામાં આ સમાજ પાવરધો છે. આ સમાજનો મુખ્ય ખોરાક મકાઇ અને અડદ છે. શાકભાજી ઘર આગળ ઉગાડેલા વાપરે છે. ડુંગળી તથા મરચાનો ઉપયોગ ખોરાકમાં સવિશેષ કરે છે. વારતહેવારે માંસાહાર કરવાની સાથે દેશી દારૂ મહુડા નો દારૂ તાડી જેવા બાદ દ્રવ્યો પણ લે છે.

તેમની વસવાટ પદ્ધતિ પોતપોતાના ખેતર પર અલગ અલગ ઝુપડાઓ બાંધી રહેવાની છે. હાલના સમયમાં 10-15 ના જૂથમાં વસવા લાગ્યા છે જે ફળિયા તરીકે ઓળખાય છે। આ રીતે અલગ અલગ વસવાને કારણે ગીચ વસ્તી જેવું બહુ જોવા મળતું નથી. દરેક ગામમાં મૂખી કે સરપંચ હોય છે જેને સ્થાનિક ભાષામાં પટેલ કહેવાય છે ગામ લોકોને પ્રસંગોપાત ભેગા કરવા તહેવાર ઉજવવા વગેરેમાં પટેલ મહત્વની ભૂમિકા ભજવે છે.

આ સમાજના ઝૂંપડાવાસ, વળી અને કામઠાના બનાવેલા હોય છે. હાલમાં દેશી તથા વિલાયતી દરિયાનો ઉપયોગ વધ્યો છે. લગ્નની પસંદગી બે રીતે થાય છે. એકમાં મા બાપ પોતે પસંદ કરી પરણાવે છે. બીજામાં છોકરા છોકરી જાતે પસંદ કરી લેતા હોય છે. વિધવાવિવાહ, પુન:લગન, નાતરું અને ઘરજમાઇ, મરણ પછી

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

અગ્નિસંસ્કાર વગેરે રિવાજ સમાજમાં પ્રચલિત છે. મરણબાદ પાળીયા મુકવાનો કે ખેતરમાં અગ્નિસંસ્કાર કરી તે જગ્યાએ મંદિર બાંધવાનો રિવાજ છે.

મેલીવિધા અને ભૂતપ્રેતમાં તેઓ દ્રઢ રીતે માને છે.માંદગી વખતે પહેલો આશરો ભગતનો લે છે. એનાથી ન મટે તો જ દવાદારનો ઉપયોગ કરે છે. ખાસ કરીને હોળીના તહેવારમાં તેઓ પોતાના વતન જતા હોય છે. આદિવાસી ગામડાઓમાં ગવાતા લોકગીતોમાં દેવી-દેવતાઓનું મહાત્મય ઝાઝું હોતું નથી. ખાસ કરીને હોળીના તહેવારો પર ભરાતા મેળાઓમાં આદિવાસી સમાજની સ્ત્રીઓ હોળી માતાના બાદમાં લોકગીતો ગાતી જોવા મળે છે. બાર બાર મહિને આવ્યા માતા હોળી માતા શું શું શણગાર લાવ્યા મારી માત પ્રચલિત લોકગીત છે.

અમરેલી જિલ્લાના આદિવાસી સમાજની લોકવાર્તાઓમાં ભોળો ખેડૂત અને ઝળહણ માતાની વાર્તા પ્રચલિત છે. અમરેલી જિલ્લાના આદિવાસી સમાજમાં પીઢોરા ચિત્રકલા ખૂબ જ પ્રચલિત છે. ધાનપુર તાલુકાના સજોઇ, ઘોડાસર, રાઠવા જેવા ગામોમાં પીઠોરા દેવની વિધિ કરવામાં આવે છે,સ્થાનિક લોક ભાષામાં તેને 'પીઠોરો ચિતરાવો' કહેવામાં આવે છે. પિઠોરો આદિવાસીઓની સમગ્ર જીવન વ્યવસ્થાને આલેખતી એક ધાર્મિક વિધિ છે. પિઠોરા દેવ આદિવાસી સમાજના મોટા દેવ છે જેને બાબા પીઠોરો પણ કહેવાય છે. કુવારી છોકરી ની તબિયત સારી ન રહેતી હોય, ખેતીવાડીમાં સારી બરકત ન આવતી હોય, પશુઓમાં સુખાકારી અને સમૃદ્ધિ ન હોય, ત્યારે પીઠોરા દેવડી માતા રાખવામાં આવે છે,માનતા પૂરી થતાં ઘરની ભીત પર અનુકૂળતાએ પીઠોરા ની નકશી કરવામાં આવે છે. નકશી પાડવાનું કામ તેના ખાસ આદિવાસી ચિતારા જ કરે છે.

ઉજવણી દિવસ નક્કી થતાં પ્રથમ નકશી પાડવાનું કામ થાય છે. વાસની નવી દિવાલ તૈયાર કરવામાં આવે છે જેના પર કુવારી છોકરીઓ સાત વખત છાણ માટીથી લીપે છે. દિવાલ લિપાય જતા સફેદ ચુનાથી સાત વખત ધોળવામાં આવે છે.

નકશી માટેના રંગો ચિતારો વનસ્પતિઓમાંથી પોતે જ બનાવે છે. (હાલમાં તો બજારમાંથી રંગો ખરીદી લાવે છે) રંગોમાં ગુંદરનું મિશ્રણ કરી દાતણની પીંછી બનાવી પીઠોરી ચિતરે છે મુખ્ય નકશીમાં નાના મોટો અંદાજે 40 પ્રકારના પ્રાણી જીવ જંતુ અને માનવની વિવિધ આકૃતિઓ દોરવામાં આવે છે.

સૌપ્રથમ શુભ શુકન સ્વરૂપે ગણેશનો સવારે વાળો વાદળી રંગનો ટપકા કરેલો ઘોડો ચીતરવામાં આવે. ત્યારબાદ બાળા હોઢણનો સવારીવાળો વાદળી રંગનો ઘોડો, ગામ દેવનો સવારેવાળો લાલ ઘોડો, ચોરાખી ખંડના દેવનો લાલ ઘોડો, ત્યારબાદ પીઠોરો તથા પિઠોરીનો લાલ રંગનો સફેદ ટપકાવાળો ઘોડો ચિતરવામાં આવે છે.

આ ઉપરાંત ઈન્દ્રનો સવારે વાળો લીલો ઘોડો, ખેતરમાં વાવતી હરણનું ચિત્ર, હાદરજા દેવ, ઊંટ ની સવારી,તીરકામઠા વડે સાબરનો શિકાર કરતા ડામોરદેવ,નકશીને ડાબી બાજુએ ઉપરના છેડે સૂર્ય અને જમણે ખૂણે ઉપર ચંદ્રના ચિત્રો દોરવામાં આવે છે. બીજી હરોળમાં મરઘા, ભેશ, ભમરો, ઘોડા, ગધેડા, વાંદરા, વાઘ વગેરે પશુ પક્ષીઓના ચિત્રો દોરવામાં આવે છે.

બીજા દિવસે બડવો બાબા પિઠોરીની પૂજા કરીએ પોતાના શરીરમાં દેવનું આહવાન કરે છે અને દરેક ચિત્ર બંધ આંખોએ તલવારની અણી વડે જે ક્રમ પાડવામાં આવે છે તે ક્રમમાં બનાવે છે. ચિત્રો પાડવામાં કોઇ જીવજંતુનું ચિત્ર પાડવાનું રહી ગયું હોય તો ચિતારા પાસે જ ચિતરાવિ લેવા માટે હાથમાં દીવો મૂકી ત્રણ પ્રતિજ્ઞા લેવડાવે છે. વિધિ પૂર્ણ થયા બાદ બરઘા કે બકરાનું નૈવેધ દેવને ચડાવવામાં આવે છે આમ, પિઠોરા દેવની ધાર્મિક વિધિ આદિવાસી જીવનની સામાજિક, આર્થિક, અને ધાર્મિક પાસાના દર્શન કરાવે છે.

અમરેલી જિલ્લાના આદિવાસી સમાજમાં અનેક દેવી-દેવતાઓ જોવા મળે છે જેમ કે દરેક ગામનો એક રક્ષક દેવ હોય છે. દા.ત. તરીકે ધાનપુર તાલુકામાં આવેલા ભોરવા ગામનોભોરવો કુંવારો દેવ,નારિયા દેવ,ચીલાકોટા ગામનો ઝૉપલાદેવ, ડુંમકા ગામડો ડુમરાદેવ, ગુમલી ગામનો ગામદેવ, સજોઇના ખેરીયા દેવ.

આ સિવાઇ આદિવાસી સમાજમાં બાબાદેવ, નારસિંગ દેવ, પીઠોર દેવ, કોઠાદેવ, સદરદો દેવ, સોડિયા દેવ, બામુણસોટા વિગેરે દેવી દેવતાઓની પૂજા કરવામાં આવે છે. પૂજા માટે ભાદરવા મહિનામાં મેલુ નૈવેધ અને હોળી પર કોરું નૈવૈધ દેવી દેવતાઓને ધરવામાં એ છે.

### આદિવાસીઓની પૂજા વિધિ:

**ગામદેવની પૂજા** જેમાં દરેક ગામનો એક રક્ષક દેવ હોય છે. ગામડાપાદર કે ગામમાં રામદેવનું સ્થાનક આવેલું હોય છે. દર વર્ષે ગામ લોકોએ નક્કી કર્યા પ્રમાણે દીવાસાના આગલા દિવસે ગામ દેવની પૂજા કરવામાં આવે

છે. આ વિધિ માટે દેવકાર્ય શબ્દલોકબોલીમાં વપરાય છે. જેમા હોળીના આગળના સપ્તાહમાં આ વિધિ કરવામાં આવે છે. મોટાભાગના ગામડાઓમાં ફાગણ સુદ પાંચમના દિવસે ગુંદરુંની વિધિ કરવામાં આવે છે.

**ડુંગરદેવની પૂજા** જેમાં દર વર્ષમાં એકવાર મોટાભાગે હોળી પછીના સમયમાં ડુંગર દેવની પૂજા કરવામાં આવે છે.

**ભેહોપૂજયોની વિધિ** જેમાં આ વિધિ પોતાની ગાય કે ભેંસ વિસાયા પછી પાંચ દિવસે કે સવા મહિને કરવામાં આવે છે. જ્યાં સુધી આ વિધિ પૂર્ણ ન થાય ત્યાં સુધી આદિવાસી સમાજ ગાય કે ભેંસના દૂધનો ઉપયોગ કરતો નથી. આ વિધિ પૂર્ણ થયા પછી જ દૂધનો ઉપયોગ ખોરાક કે વેચાણમાં કરવાનું આદિવાસી સમાજ દ્રઢપણે માને છે.

**નવાઈની વિધિ** જેમાં આદિવાસી સમાજ ગામડાઓમાં પોતાના ખેતરમાં જે પાક થયો હોય તે પ્રથમ ખાતરીજ દેવને ધરાવવામાં આવે છે આ વિધિ ને નવાઈની વિધિ કહેવામાં આવે છે.

**દિવાળીની પૂજા** જેમાં આ વિધિ મુજબ કાળી ચૌદશના દિવસે સાંજે ચોખા ઘીનો દીવો ગામની દરેક વ્યક્તિના ઘરે હવન કરવામાં આવે છે. જેમાં નાળિયેરની અડધી કાચલી નું હવન કરવામાં આવે છે. બીજે દિવસે સવારના 04:00 વાગ્યા ના સુમારે અડધી બચેલી નાળિયેરની કાચલી ફરી હવનમાં હોમાય છે. દરેક વ્યક્તિઑ સામસામે એકબીજાના ઘરે પૂજા કરવા જાય છે. હવન બાદ ચૂરમનો પ્રસાદ નૈવેધતરીકે ધરાવવામાં આવે છે. દિવાળીની સાંજે પશુઓને રંગવામાં આવે છે. બીજા દિવસે સવારે નદીએ નહાવા લઈ જવાય છે. આ વિધિને સ્થાનિક ભાષામાં ડગરા ઊગળાયા કહેવાય છે.

**આદિવાસીઓના ઉજવાતા પરંપરાગત મેળા**

**ડંડા રોપણીનોમેળો** જેમાં હોળીના 15 દિવસ અગાઉ હોળી પ્રાગટ્ય માટે ગામના ચોકમાં સ્તંભ રોપાય છે. આ સમયે લોકો ત્યાં એકઠા થાય છે અને તે ડાંડા રોપણનો મેળો કહેવાય છે.

**આંમલી અગિયારસનો મેળો** જેમાં હોળી પહેલા ફાગણ સુદ અગિયારસને દિવસે આ મેળો ભરાય છે.

**ગલાલીયા હાટ નો મેળો** જેમાં ગરબાડા તાલુકામાં હોળી દહન પહેલા કે હોળીના દિવસે ગલાલીયા હાટનો મેળો ભરાય છે.

**ગોળ ગધેડા નો મેળો**આ મેળો જુદી જુદી તિથિ અનુસાર જુદા જુદા ગામોમાં ભરાય છે

**ચુલનો મેળો** ધુળેટીના દિવસે દાહોદ જિલ્લાના ગામોમાં ચૂલનો મેળો યોજાય છે

**ચાડિયાનો મેળો**ફાગણવદ બીજના દિવસે ચાડીયા નો મેળો યોજાય છે.

**રંગપાંચમીનો મેળો** આ મેળો હોળી પછી પાંચમના દિવસે યોજાય છે

**ઢોલનો મેળો** દાહોદના ભીલ સુધારણા મંડળ દ્વારા વર્ષ ૨૦૧૨ થી દાહોદમા ઢોલ મેળાનું આયોજન થાય છે.

**સમાપન :**

આદિવાસી સમાજના લોકો રૂબરૂ મુલાકાતમાં માહિતી પ્રાપ્તિ માટે જે પ્રશ્નો ઉપસ્થિત થયા એના પરથી એટલો ખ્યાલ આવ્યો કે પ્રવૃત્તિ સાથે રહીને એની પાસેથી સૂઝ સમજ મેળવનારી પ્રજા આધુનિક શિક્ષણ મેળવતી થઈ ત્યારબાદ સૂઝનું ક્ષેત્ર છોડી માહિતીના ક્ષેત્રમાં પ્રવેશતી જાય છે.

નવી પેઢીને પોતાના ગામદેવ કે તેમની વિધિઓ વિશે ઘણીવાર સામાન્ય માહિતી પણ ન હોય એવું જાણવા મળ્યું. આ સમાજે ગામડા અને જંગલ છોડીને આદિવાસી વર્ગના બદલે શ્રમજીવી વર્ગની ઓળખ ઉભી કરી છે. કેટલાક જે શિક્ષિત થઈ સારી જગ્યા પર કામ કરતા થયા તે પણ હવે આદિવાસી સંસ્કૃતિ સાથે અંતર રાખતા થયા છે.

આદિવાસી સમાજમાં વ્યસનનો પ્રભાવ વધતો જાય છે ઘર,રહેણી કારની,પોશાક, લોકગીતો, લોકકલાઓ,નૃત્યો બદલાયા છે. અત્યારે જળવાયેલી આ સંસ્કૃતિ આવનારા વર્ષોમાં નામશેષ બની જાય તેવી પૂરી શક્યતાઓ જણાઈ રહી છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

**સંદર્ભ પુસ્તકો :**

૧) આદિવાસીઓનું સમાજશાસ્ત્ર – અનડા પ્રકાશન

૨) કુદરત એજ પરમેશ્વર – શ્રી લાલુભાઇ વસાવા